અમદાવાદ રેલવે સ્ટેશન પર ઈન્જિનિયરીંગ કામને લીધે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

અમદાવાદ,પશ્ચિમ રેલવેના અમદાવાદ રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ નંબર ૩ પર સીસી એપ્રોન રિપેરીંગ અને પુનઃબાંધકામ કામ માટે ૧૧ જાન્યુઆરી ૨૦૨૫ સુધી બ્લોક લેવામાં આવ્યો હતો જેને ૧૫ જાન્યુઆરી ૨૦૨૫ સુધી વધારવામાં આવ્યો છે. તે મુજબ નીચે લખેલ કેટલીક પેસેન્જર/મેમૂ ટ્રેનો ૧૫ જાન્યુઆરી ૨૦૨૫ સુધી પ્રભાવિત રહેશે.

પૂર્ણપણે રદ ટ્રેન - તારીખ ૧૫.૦૧.૨૦૨૫ સુધી ટ્રેન નંબર ૬૯૧૧૬ (૦૯૨૭૪) અમદાવાદ-આણંદ મેમૂ પૂર્ણપણે રદ રહેશે.

આંશિક રદ ટ્રેન - તારીખ ૧૫.૦૧.૨૦૨૫ સુધી ટ્રેન ૧૯૦૩૫ વડોદરા-અમદાવાદ ઈન્ટરસિટી એક્સપ્રેસ વટવા અને અમદાવાદ વચ્ચે આંશિક રદ રહેશે.

તારીખ ૧૫.૦૧.૨૦૨૫ સુધી ટ્રેન ૬૯૧૧૩ (૦૯૩૧૫) વડોદરા-અમદાવાદ મેમૂ આણંદ અને અમદાવાદ વચ્ચે આંશિક રદ રહેશે.

યાત્રીઓને વિનંતી છે કે ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને યાત્રા કરે. ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સની માહિતી માટે www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરે જેથી કોઈપણ પ્રકારની અસુવિધા ન થાય.

હવે ભારતમાં ઈન્ટરપોલની માફક રચાશે ભારતપોલ

નવી દિલ્હી, ઈન્ટરપોલનું કામ આંતરરાષ્ટ્રીય ગુનેગારોનું નેટવર્ક અને તેમને પકડવાનું સરળ બનવાનું છે. જે ગુનેગારો ભારતમાં ગુના કરીને વિદેશ ભાગી જાય છે અથવા વિદેશમાં બેસીને ભારતમાં ક્રાઈમ સિન્ડિકેટ ચલાવે છે તેવા ગુનેગારો સામે હવે રાજ્યોની પોલીસને ઈન્ટરપોલ જેવું શક્તિશાળી હથિયાર મળશે.

વાસ્તવમાં, ગૃહ મંત્રાલય ભારતમાં 'ભારતપોલ' શરૂ કરવા જઈ રહ્યું છે. જે ઈન્ટરપોલની માફક જ ગુનેગારો વિશેની માહિતી શેર કરવા અને ગુનેગારો સામે તાત્કાલિક પગલાં લેવાનો રસ્તો વધુ સરળ કરશે. ૭ જાન્યુઆરીએ નવી દિલ્હીમાં ગૃહમંત્રી અમિત શાહ દ્વારા તેનું લોકાર્પણ કરવામાં આવશે.

ભરતપોલનો ઉદ્દેશ્ય માત્ર ગુનેગારોને પકડવાનો જ નથી પરંતુ તેમની સામે સમયસર પકડવાનો અને ગુનાઓને જડમૂળથી ઉખેડી નાખવાનો પણ છે. આ એક એડવાન્સ ઓનલાઈન પોર્ટલ છે, જે સીબીઆઈ દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. તેની ટ્રાયલ પણ થઈ ચૂકી છે. તેની ઔપચારિક શરૂઆત કરવાની બાકી છે. ઈન્ટરપોલ એટલે કે ઈન્ટરનેશનલ ક્રિમિનલ પોલીસ ઓર્ગેનાઈઝેશન એ વિશ્વનું સૌથી મોટું ઈન્ટરનેશનલ પોલીસ ઓર્ગેનાઈઝેશન છે. આ એક એવી સંસ્થા છે જે આંતરરાષ્ટ્રીય સ્તરે તમામ દેશોની પોલીસ વચ્ચે સંકલન કરે છે. તે ૧૯૫ દેશોની તપાસ એજન્સીઓનું સંગઠન છે.જેના દ્વારા ગુનેગારોની માહિતીની આપ-લે થાય છે અને તેમની ધરપકડ કરવા માટે આંતરરાષ્ટ્રીય નોટિસ જાહેર કરવામાં આવે છે. ભારત તરફથી ઈન્ટરપોલની સાથે ઝૈં જોડાયેલ છે. તેમના અધિકારીઓની ઈન્ટરપોલમાં નિમણૂક કરવામાં આવે છે. ઈન્ટરપોલ સંસ્થા ૧૯૨૩ થી કાર્યરત છે. ઈન્ટરપોલનું હેડક્વાર્ટર ફ્રાન્સના લિયોન શહેરમાં છે. ધારો કે ભારતમાં કોઈ માણસે ગુનો કર્યો છે. પછી તે સ્વિટ્ઝર્લેન્ડ ભાગી ગયો. હવે સમસ્યા એ છે કે, ભારતીય પોલીસનો દાવો સ્વિઝર્લેન્ડમાં કામ કરતો નથી. આવી સ્થિતિમાં ઈન્ટરપોલ ગુનેગારને પકડવા માટે કામ કરશે. ભારત તે આરોપીની માહિતી ઈન્ટરપોલને આપશે. ત્યારપછી તેના નામે નોટિસ ઈસ્યું કરવામાં આવશે. ઈન્ટરપોલ અનેક પ્રકારની નોટિસ બહાર પાડે છે. પરંતુ ત્યાં બે મુખ્ય છે. એક પીળો, જે ગુમ થયેલા લોકો માટે છે. બીજી રેડ નોટિસ, જે વોન્ટેડ ગુનેગારો અને આરોપીઓ માટે છે. ભારતમાં, રાજ્ય પોલીસ અને તપાસ એજન્સીઓને માહિતી માટે અથવા વિદેશમાં છુપાયેલા ગુનેગારોને પકડવા માટે વારંવાર ઈન્ટરપોલનો આશરો લેવો પડે છે. હાલની પ્રક્રિયામાં રાજ્ય સરકારે પહેલા સીબીઆઈનો સંપર્ક કરવો પડશે. આ પછી સીબીઆઈ ઈન્ટરપોલનો સંપર્ક કરે છે અને જરૂરી નોટિસ ઈસ્યું કરે છે. આ સમગ્ર પ્રક્રિયા માત્ર જટિલ નથી પરંતુ ઘણો સમય પણ લે છે. આ સમસ્યાના ઉકેલ માટે ભારતપોલ શરૂ કરવામાં આવી રહી છે. તેની મદદથી ગુનેગારો સામે રેડ નોટિસ, ડિફ્યુઝન નોટિસ અને અન્ય જરૂરી ઈન્ટરપોલ નોટિસ ઈસ્યું કરવાની પ્રક્રિયા ઝડપી અને સરળ બનશે. હાલમાં, જો તેઓ તેમની વિનંતીને ટ્રેક કરવા માંગતા હોય, તો રાજ્યોએ ઝૈંને ફરીથી ઈમેઈલ અથવા ફેક્સ કરવું પડશે, પરંતુ પોલીસ સીધી ભારતપોલ પર વિનંતીને ટ્રેક કરી શકશે. ના, ઈન્ટરપોલ દ્વારા જ નોટિસ ઈસ્યું કરવામાં આવશે. જ્યારે ગુનેગારની માહિતી અથવા સ્થાનની ખાતરી કરવાની હોય, ત્યારે પોલીસ ભારતપોલ દ્વારા સીધી ઈન્ટરપોલને વિનંતી મોકલી શકશે. જો ઈન્ટરપોલ તે વિનંતી સ્વીકારે છે, તો પછી સંબંધિત ગુનેગાર સામે રેડ નોટિસ, ડિફ્યુઝન નોટિસ અથવા અન્ય પ્રકારની નોટિસ ઈસ્યું કરવામાં આવશે.

ખોડિયાર-સાબરમતી વચ્ચે

રેલવે ક્રોસિંગ નં. ૨૩૯ પર અંડરપાસના બાંધકામ કામ માટે બ્લોકના કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત

અમદાવાદ,અમદાવાદ મંડળના અમદાવાદ-પાલનપુર સેક્શનમાં ખોડિયાર-સાબરમતી વચ્ચે રેલવે ક્રોસિંગ નં. ૨૩૯ પર અંડરપાસ (ઈંમ) બાંધકામ કામ માટે ૧૧ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ બ્લોક લેવામાં આવ્યો છે. જેના કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. જેની વિગતો નીચે મુજબ છે :

પૂર્ણપણે રદ ટ્રેન - ૧૧ જાન્યુઆરી ૨૦૨૫ ની ટ્રેન નંબર ૭૯૪૩૫/૭૯૪૩૬ સાબરમતી-પાટણ-સાબરમતી ડેમૂ રદ રહેશે.

આંશિક માર્ગ પરિવર્તિત ટ્રેનો - ૧૧ જાન્યુઆરી ૨૦૨૫ ની ટ્રેન નંબર ૧૬૫૦૭ જોધપુર-કેએસઆર બેંગલુરૂ એક્સપ્રેસ પોતાના નિર્ધારિત માર્ગ ખોડિયાર-સાબરમતી (ધરમ નગર સાઈડ) – અમદાવાદને બદલે પરિવર્તિત માર્ગ વાયા ખોડિયાર-ચાંદલોડિયા-સાબરમતી (જેલ સાઈડ) – અમદાવાદના રસ્તે ચાલશે. ૧૧ જાન્યુઆરી ૨૦૨૫ ની ટ્રેન નંબર ૨૦૯૦૨ ગાંધીનગર-મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસ પોતાના નિર્ધારિત માર્ગ ખોડિયાર-સાબરમતી (ધરમ નગર સાઈડ) – અમદાવાદને બદલે પરિવર્તિત માર્ગ વાયા ખોડિયાર-ચાંદલોડિયા-સાબરમતી (જેલ સાઈડ) – અમદાવાદના રસ્તે ચાલશે. ટ્રેનોના રોકાણ, સંરચના, માર્ગ અને સમય અંગે વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

પાકિસ્તાની ગેંગે ૧૪૦૦ છોકરીઓનું શોષણ કર્યું: મસ્ક

લંડન

ટેસ્લાના ચીફ ઈલોન મસ્કે શુક્રવારે બ્રિટિશ કિંગ ચાર્લ્સને સંસદ ભંગ કરવાની અપીલ કરી હતી. તેમણે બ્રિટિશ પીએમ કીર સ્ટાર્મર પર આરોપ લગાવ્યા હતા કે તેઓ જ્યારે ૧૫ વર્ષ પહેલા પબ્લિક પ્રોસિક્યુશન ડાયરેક્ટર હતા ત્યારે બળાત્કારના આરોપીઓને સજા આપવામાં નિષ્ફળ રહ્યા હતા. બ્રિટનમાં ઐતિહાસિક સામૂહિક બળાત્કારનો મામલો હાલ હેડલાઈન્સમાં છે. ખાસ કરીને, ૧૯૯૭ અને ૨૦૧૩ વચ્ચે, 'ગ્રુમિંગ ગેંગ સ્કેન્ડલ' તરીકે ઓળખાતા 'રોધરહામ સ્કેન્ડલ'એ લોકોનું ખૂબ ધ્યાન ખેંચ્યું છે. હાલમાં, કન્ઝર્વેટિવ પાર્ટીએ યૌન શોષણ કાંડની તપાસની માંગ કરી હતી, પરંતુ લેબર પાર્ટીની સરકારે તેનો ઇનકાર કરી દીધો હતો. આ અંગે પોતાની નારાજગી વ્યક્ત કરતા મસ્કે સોશિયલ મીડિયા પર લખ્યું-"સ્ટાર્મર ૨૦૦૮ થી ૨૦૧૩ દરમિયાન ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ (ઝૅજી)ના વડા હતા ત્યારે યુકેના બળાત્કારના કેસમાં સામેલ હતા. બ્રિટિશ ઈતિહાસના સૌથી મોટા ગુનામાં તેમની મિલીભગત માટે તેને આરોપોનો સામનો કરવો જોઈએ".

વર્ષ ૨૦૨૨માં એક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો હતો. એવું નોંધવામાં આવ્યું હતું કે ૧૯૯૭ અને ૨૦૧૩ની વચ્ચે ઈંગ્લેન્ડના રોધરહામ, કોર્નવોલ, ડર્બીશાયર, રોશડેલ અને બ્રિસ્ટોલ શહેરોમાં ઓછામાં ઓછી ૧૪૦૦ સગીરાઓ જાતીય શોષણનો ભોગ બની હતી. મોટાભાગના આરોપીઓ પાકિસ્તાની મૂળના લોકો હતા. મોટાભાગની છોકરીઓને એક સંગઠિત ગેંગ દ્વારા લલચાવીને શિકાર બનાવીને તેમની હેરફેર કરવામાં આવતી હતી. પહેલો કેસ રોધરહામ શહેરનો હતો. તપાસમાં ઉત્તરી ઈંગ્લેન્ડના ઘણા શહેરોમાં આવા જ પ્રકારના વધુ કિસ્સાઓ સામે આવ્યા. મસ્કનો આરોપ છે કે પીડિતો વારંવાર આગળ આવ્યા પછી પણ, કાયદા અમલીકરણ એજન્સીઓ અને સમાજ સેવા કરતા લોકોએ આ કેસમાં યોગ્ય પગલાં લેવામાં અને સગીરાઓની સુરક્ષા કરવામાં સતત નિષ્ફળ રહ્યા છે. જો કે, બ્રિટનની લેબર પાર્ટીએ મસ્કના આરોપો પર નારાજગી વ્યક્ત કરી હતી. બ્રિટનના આરોગ્ય સચિવ વેસ સ્ટ્રીટીંગે શુક્રવારે જણાવ્યું હતું મસ્કે બ્રિટિશ સરકારને ગેરસમજ કરી છે અને આ મામલે ખોટી માહિતી આપી છે. અમે આ મુદ્દાને ઉકેલવા માટે મસ્ક સાથે કામ કરવા તૈયાર છીએ. મને લાગે છે કે તેઓએ તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા આ ગંભીર સમસ્યાનો સામનો કરવામાં અમારી મદદ કરવી જોઈએ. જો તે સહકાર આપવા માંગે છે, તો અમે તેને આવકારીશું.

બ્રિટનમાં, ગ્રૂમિંગ ગેંગ એવા લોકોના ગ્રુપનો ઉલ્લેખ કરે છે જેઓ બાળકોનું શારીરિક, માનસિક અને જાતીય શોષણ કરે છે. તેમાંથી મોટાભાગની યુવતીઓ છે. તેઓ તેમના મિત્રો હોવાનું માનીને તેમને છેતરે છે. જ્યારે તેમના પર વિશ્વાસ કરવા લાગે છે, ત્યારે તેઓ તેમના પર દબાણ અને ડરાવીને તેમને કાબુમાં કરે છે અને તેમનો ફાયદો ઉઠાવે છે. આ છોકરીઓને પાર્ટીઓમાં લઈ જવામાં આવે છે, દારૂ અને ડ્રગ્સ આપવામાં આવે છે. ત્યારબાદ તેઓને ઘણા લોકો સાથે સંબંધ બાંધવા દબાણ કરવામાં આવશે. તેઓને આલ્કોહોલ, ગાંજો અને અન્ય માદક દ્રવ્યોના વ્યસની બનાવવામાં આવે છે, જેથી તેઓ નશામાં રહે અને ગેંગના સભ્યો કહે તે બધું જ કરે. આ છોકરીઓ સમજી શકતી નથી કે તેમનું યૌન શોષણ થઈ રહ્યું છે. આમાંથી ઘણી છોકરીઓ માનવ તસ્કરીનો શિકાર પણ બની હતી. આમાંની ઘણી છોકરીઓ ગર્ભવતી બની હતી અને તેમને ગર્ભપાત કરાવવો પડ્યો હતો. ઘણી છોકરીઓએ પોતાના બાળકોને જન્મ આપ્યો, પરંતુ તેઓ તેના પિતાનું નામ પણ જાણતી નહોતી. આ ગ્રૂમિંગ ગેંગ સમગ્ર બ્રિટનમાં કાર્યરત હતી, પરંતુ તેઓએ રોશડેલ, રોધરહામ અને ટેલફોર્ડમાં સૌથી વધુ છોકરીઓને નિશાન બનાવી હતી. બ્રિટનમાં આ કામ કરનારા લોકો માટે એક ચર્ચિત વાક્ય વપરાય છે"- ગ્રૂમિંગ ગેંગ. ગ્રુમિંગ ગેંગનો કોઈ સ્પષ્ટ અને એક જ હેતુ નથી હોતો. તેમના કામની પેટર્ન પરથી અંદાજ લગાવી શકાય છે કે તેઓ સગીર વયની બ્રિટિશ છોકરીઓને ફસાવીને પૈસા પડાવે છે. તેઓ તેમનું યૌન શોષણ કરે છે અને તેમને વેશ્યાવૃત્તિ માટે દબાણ કરે છે. તેઓ અશ્લીલ વીડિયો બનાવીને બ્લેકમેલ કરે છે. ઘણા કિસ્સામાં આ યુવતીઓની તસ્કરીના કિસ્સા પણ પ્રકાશમાં આવ્યા છે. પીડિત ડૉ. ઈલા હિલે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે જાતિ અને ધર્મના આધારે ગેંગરેપ કરે છે.

ગાંધીનગર ખાતે રૂ.૩૦૦ કરોડના ખર્ચે બનશે ભવ્ય આંજણા ધામ

ગાંધીનગર,

અમદાવાદ-મહેસાણા હાઈવે પર જમિયતપુરા ગામ પાસે રૂપિયા ૩૦૦ કરોડના ખર્ચે આકાર લેનાર આંજણા ધામના શિલાન્યાસ કાર્યક્રમમાં રાજયપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે હાજરી આપી હતી. આ પ્રસંગે સમાજના શૈક્ષણિક સંકુલ માટે માતબર દાન આપનાર દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. રાજયમાં વિવિધ સમાજના લોકો તેમના સમાજ માટે ભગીરથ કાર્યો કરી રહ્યા છે.

ત્યારે આંજણા ચૌધરી સમાજ દ્વારા સમાજના બાળકોના સર્વાંગી વિકાસ માટે ભવ્ય શૈક્ષણિક સંકુલ આંજણા ધામનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. અમદાવાદ-મહેસાણા હાઈવે પર જમિયતપુરા ગામ પાસે રૂપિયા ૩૦૦ કરોડના ખર્ચે આકાર લેનાર આંજણા ધામના શિલાન્યાસ કાર્યક્રમમાં રાજયપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે હાજરી આપી હતી.

આ પ્રસંગે સમાજના શૈક્ષણિક સંકુલ માટે માતબર દાન આપનાર ચૌધરી સમાજના દાતાઓનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આંજણા સમાજના સર્વાંગી વિકાસ માટે અંદાજે રૂ. ૩૦૦ કરોડથી વધુના ખર્ચે આધુનિક બહુહેતુક વૈશ્વિક કક્ષાનું આંજણા ધામ નિર્માણ પામશે.

આંજણાધામ માટે દાન આપનાર સમાજના દાનવીર આગેવાનોનું રાજયપાલ અને મુખ્યમંત્રીના હસ્તે સન્માન કરાયું હતું. રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ સ્વયં પણ રૂપિયા પાંચ લાખના દાનની ઘોષણા કરી હતી અને કહ્યું હતું કે, પરિશ્રમ અને મહેનતનો પૈસો પવિત્ર હોય છે. તો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે,આંજણા ચૌધરી સમાજ તો અર્બુદા માતાના વંશજો છે અને સમાજશક્તિનો પરિચય સમાજે દેશવિદેશમાં પણ આપ્યો છે. ગ્રામ-સંસ્કૃતિ, કૃષિ, દૂધ ઉત્પાદન અને પશુપાલન ક્ષેત્રે પરસેવો પાડી સિદ્ધિના શિખરો સર કરનારો આ પુરૂષાર્થી સમાજ છે.

આંજણાધામના દાતા અને વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ કહ્યું કે, આંજણાધામનો શિલાન્યાસ એ ચૌધરી સમાજ માટે ઐતિહાસિક અવસર છે. તેમણે દાનનો મહિમા સમજાવતા કહ્યું કે, જે સમાજ દાતાઓનું સન્માન કરે છે તે રાષ્ટ્ર આગવી પ્રતિષ્ઠા અને સમૃદ્ધિ મેળવે છે.

ગુજરાતમાં ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ સામે નવી લડાઈનો પ્રારંભ

ગાંધીનગર, ગૃહ વિભાગે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા અને ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ સામેની લડાઈને વધુ મજબૂત બનાવવા માટે એક નવો અને ઐતિહાસિક નિર્ણય લીધો છે.

પોલીસ ભવન ખાતે કાર્યરત સ્ટેટ મોનિટરિંગ સેલ (એસએમસી)ને ઝીરો બજેટથી અલાયદા પોલીસ સ્ટેશનનો દરજ્જો આપી વિશેષ સત્તાઓ આપવામાં આવી છે.

રાજ્યમાં અને રાજ્યની બહાર બનતાં ક્રિકેટ સટ્ટા, ડબ્બા ટ્રેડિંગ, ડ્રગ્સ, પ્રોહિબિશન, જુગાર અને કબુતરબાજી જેવા રાજ્યને સ્પર્શતા ગુનાઓના દરોડા પાડી તેના ગુના આ નવા એસ.એમ.સી પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવશે અને તેની તપાસ પણ આ ટીમ દ્વારા કરવામાં આવશે. આ ગુનાઓની તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ દ્વારા રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના સીધા માર્ગદર્શન હેઠળ કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા ATSને પણ વર્ષ ૨૦૦૨માં પોલીસ સ્ટેશન જાહેર કરવામાં આવ્યું હતું. હવે SMC દ્વારા ATSની જેમ ગુજરાત તેમજ દેશમાં ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ વિરુદ્ધ સક્રિય રીતે પગલાં લેવામાં સક્ષમ બનશે અને અસરકારક કામગીરી કરશે. ઝડપી અને અસરકારક તપાસઃ સ્થાનિક પોલીસ સ્ટેશન અને જિલ્લા-રેન્જ વડાશ્રીઓની મંજુરીમાંથી મુક્તિ મળતાં તપાસની પ્રક્રિયા ઝડપી બનશે અને ગુનેગારો સામે કડક કાર્યવાહી થઈ શકશે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ગુનાઓની તપાસઃ આ પોલીસ સ્ટેશનમાં દાખલ કરાયેલા ગુજરાતને સ્પર્શતા રાજ્યની બહાર થતા ક્રિકેટ સટ્ટા, ડબ્બા ટ્રેડિંગ, ડ્રગ્સ, પ્રોહિબિશન, જુગાર અને કબુતરબાજી જેવા ગુનાઓની સ્વાયત્ત તપાસ થઈ શકશે. સીધુ માર્ગદર્શનઃ સ્ટેટ મોનિટરિંગ સેલને રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયનું સીધું માર્ગદર્શન મળશે તેમજ તપાસમાં પણ ગુમતા જળવાઈ રહેશે. આ નિર્ણયથી ગુજરાતમાં ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ પર અંકુશ આવશે અને રાજ્યને વધુ સુરક્ષિત બનાવવામાં મદદ મળશે.

સમગ્ર રાજ્યમાં ૨૦૨૫માં વિવિધ ઐતિહાસિક સીમા ચિન્હરૂપ જન્મોત્સવની ઉજવણી કરાશે

ગાંધીનગર, ૨૦૨૫માં રાજ્યમાં થશે આ ચાર ઉજવણીસંવિધાનનો અમૃત મહોત્સવ-બંધારણના ૭૫માં વર્ષની ઉજવણી અને કટોકટીના ૫૦ વર્ષ એક ભારત, શ્રેષ્ઠ ભારત' વિઝન સાથે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતી ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતી શ્રી અટલ બિહારી વાજપેયીજીના ૧૦૦મા જન્મ જયંતી વર્ષની ઉજવણી સમગ્ર ગુજરાતમાં ૨૦૨૫ના વર્ષમાં ઐતિહાસિક જન્મોત્સવ કાર્યક્રમની વિવિધ ઉજવણી જનભાગીદારી સાથે ભવ્ય રીતે થવાની છે. આ ઉજવણીમાં ખાસ કરીને ભારતીય બંધારણના શાશ્વત પણા સાથે રાષ્ટ્ર નેતાઓના આદર્શો અને રાષ્ટ્ર નિર્માણમાં તેમના યોગદાનને જન માનસમાં સર્જનાત્મક રીતે ઉજાગર કરવાનાં કાર્યક્રમો યોજાશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને આ હેતુસર રચવામાં આવેલી સ્ટીયરીંગ કમિટીની મળેલી પ્રથમ બેઠકમાં આ કાર્યક્રમોની શાનદાર ઉજવણી માટેના આયોજનની વિશદ ભૂમિકા પ્રસ્તુત કરવામાં આવી હતી.વર્ષ ૨૦૨૫માં ભારતના બંધારણને ૭૫ વર્ષ પૂર્ણ થઇ રહ્યા છે. આ નિમિત્તે ગુજરાતભરમાં ''સંવિધાનના અમૃત મહોત્સવ''ની ઉજવણી કરાશે. સાથે જ, કટોકટીના ૫૦ વર્ષ પૂર્ણ થવા સંદર્ભે પણ ઉજવણી કરવામાં આવશે. આ ઉપરાંત ''એક ભારત, શ્રેષ્ઠ ભારત''ના વિઝન સાથે ગુજરાતના પનોતા પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જયંતીની તેમજ ભારતના પૂર્વ પ્રધાનમંત્રી સ્વ. શ્રી અટલ બિહારી વાજપેયીના ૧૦૦માં જયંતી વર્ષની પણ ભવ્ય ઉજવણી થશે. સાથે જ, ભગવાન બિરસામુંડાની ૧૫૦મી જયંતી નિમિત્તે ગુજરાતમાં વર્ષ ૨૦૨૫ને ''જનજાતિય ગૌરવ વર્ષ'' તરીકે ઉજવાશે.આ બધા જ ઉજવણી કાર્યક્રમોને વધુ લોકભોગ્ય અને પ્રજા સહભાગીતા પ્રેરિત બનાવવા વિવિધ સ્પર્ધાઓ, વ્યાખ્યાનમાળાઓ, ટ્રાઈબલ હેરિટેજને પ્રોત્સાહિત કરતા જનજાતિ ગૌરવ મેળાઓ વગેરેના સમયબદ્ધ આયોજનની વિગતવાર પ્રસ્તુતિ મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીઓ સમક્ષ આ બેઠકમાં કરવામાં આવી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ ઉજવણી કાર્યક્રમોને પરસ્પર સાંકળી લઈને સમગ્રતયા ગૌરવપૂર્ણ ગાથા તરીકે રાષ્ટ્રહિત ઉજાગર કરતા કાર્યક્રમો યોજવા બેઠકમાં માર્ગદર્શન આપ્યું હતું. રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ અને વરિષ્ઠ સચિવો સહિત ૨૮ સભ્યોની આ સ્ટીયરીંગ કમિટીમાં રજૂ થયેલ પ્રેઝન્ટેશનને વધુ વ્યાપક અને જનભાગીદારી સભર બનાવવાના હેતુસર ઝીણવટપૂર્વક અભ્યાસ અને યોગ્ય સુધારાઓ માટે પ્રેરક સૂચનો પણ મુખ્યમંત્રીશ્રીએ કર્યા હતા.સંવિધાનનો અમૃત મહોત્સવ અને આપાતકાલના ૫૦ વર્ષની ઉજવણી સંદર્ભે યોજાનારા વિવિધ કાર્યક્રમો અંગે અગ્ર સચિવ શ્રી અશ્વિનીકુમાર તથા યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિના કમિશનર શ્રી આલોક પાંડેએ મુખ્યમંત્રીશ્રી તથા મંત્રીશ્રીઓ સમક્ષ પ્રેઝન્ટેશન કર્યું હતું.

પટ્ટા મારનારના પટ્ટા ઉતારો નહીં તો ગુજરાત ગજવીશું, કોંગ્રેસે આપ્યું અલ્ટિમેટમ

અમરેલીઃ અમરેલી લેટરકાંડ મામલે રાજકારણ હવે ચરમસીમાએ પહોંચી ગયું છે. પાયલ ગોટીને માર મારવાના કેસમાં જૈંની રચના કરવામાં આવી. પરંતુ જૈંની તપાસ પર વિશ્વાસ ન હોવાનું કહેવામાં આવ્યું. તો કોંગ્રેસે હવે આ મામલે આંદોલન કરવાનો મૂડ બનાવી લીધો છે. અમરેલીના લેટરકાંડ મામલે ગુજરાતની રાજનીતિ ચમરસીમાએ પહોંચી ગઈ છે. અમરેલીમાં કોંગ્રેસ ધરણાં કરી રહ્યું છે. જી હા...પૂર્વ વિપક્ષ નેતા ધાનાણી ૨૪ કલાકના ધરણાં પર બેઠા છે. પોલીસે સાંજે છ વાગ્યા સુધીની જ મંજૂરી આપી છે. તેમની સાથે લલિત વસોયા, લલિત કગથરા સહિતના પૂર્વ સ્ન્ઢ હાજર છે.

અમરેલી લેટરકાંડમાં પાયલ ગોટીને ન્યાય અપાવવાની માંગ સાથે ગુજરાત કોંગ્રેસ વિરોધ કરી રહ્યું છે. કોંગ્રેસના ધરણાં દરમિયાન પૂર્વ ધારાસભ્યએ ખુલ્લો પડકાર ફેંક્યો છે. લલિત કગથરાનો પૂર્વ સાંસદ કાછડિયાને પડકાર ફેંકીને જણાવ્યું છે કે નારણ કાછડિયાને જાહેરમાં ચર્ચા કરે. પૂર્વ સ્ન્ઢ લલિત વસોયાએ ૧૦ દિવસનું અલ્ટીમેટમ આપ્યું છે અને આ ઘટનામાં જવાબદાર પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરવા માંગ કરી છે. જો પગલાં નહીં લેવામાં આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારી છે.

તમામ દીકરીઓને ડર છે કે મારો શેઠ પત્ર લખાવશે અને પાયલ જેવું થશે તો...

અમરેલી લેટરકાંડ મામલે રાજકારણ ગરમાઈ ચૂક્યું છે, ત્યારે પૂર્વ ધારાસભ્ય લલીત કગથરાએ પૂર્વ સાંસદ નારણ કાછડિયાને ખુલ્લો પડકાર ફેંક્યો છે અને જાહેર મંચ પર આવવા જણાવ્યું છે. નારણ કાછડિયા પોલીસ તંત્ર સામે સવાલો ઉઠાવે છે તો જાહેરમાં ચર્ચા કરવા આવે. પૂર્વ ધારાસભ્ય લલીત કગથરાએ કહ્યું કે પાટીદાર દીકરી નહિ સર્વ સમાજની દીકરીઓ માટે લડીએ છીએ. ગુજરાતમાં નોકરી કરતી તમામ દીકરીઓને ડર છે કે મારો શેઠ પત્ર લખાવશે અને પાયલ જેવું થશે તો...

લેટરકાંડમાં પૂર્વ ધારાસભ્ય લલીત વસોયાનું મહત્વપૂર્ણ નિવેદન સામે આવ્યું છે. જવાબદાર પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડેડ કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. તેઓએ ૧૦ દિવસનું સરકારને અલ્ટીમેટમ આપીએ છીએ. જો સરકાર પગલાં નહિ લે તો આખા ગુજરાતમાં આંદોલનની શરૂઆત કરીશું.

બીજી બાજુ અમરેલી લેટરકાંડ મામલે ધારાસભ્ય કૌશિક વેકરિયાના સમર્થનની પોસ્ટ વાયરલ થઈ છે. સોશ્યલ મીડિયામાં પોસ્ટ શેર કરવામાં આવી છે. અમરેલીના અનેક લોકોએ પોસ્ટ સ્ટેટ્સમાં મૂકી છે. જેમાં લખવામાં આવ્યું છે કે ઝૈં

પાયલ ગોટી કોઈ મેડિકલ ચેકઅપ નહીં કરાવે તેવી કરાઈ હતી જાહેરાત

ઉલ્લેખનીય છે કે, અમરેલી લેટરકાંડમાં રાજનીતિ હવે ચરમસીમા પર પહોંચી ગઈ છે. પાયલ ગોટીએ પોલીસ પર માર મારવાના આક્ષેપ કરતાં તપાસ માટે જૈંની રચના કરાઈ છે. જોકે, સિનિયર એડવોકેટ આનંદ યાજ્ઞિક જી ઓફિસમાં સંજય ખરાટને મળ્યા હતા. ત્યારબાદ પાયલ ગોટી કોઈ મેડિકલ ચેકઅપ નહીં કરાવે તેવી જાહેરાત કરી. જૈંની ટીમ પાયલ ગોટીને મેડિકલ ચેકઅપ માટે લઈ જઈ રહી હતી પરંતુ ધાનાણીએ ટીમને અટકાવી અને હાઈવોલ્ટેડ ડ્રામા કર્યા. ત્યારપછી પાયલ તેના વકીલ સાથે જી ઓફિસમાં પહોંચી. તેની સાથે કોંગ્રેસના નેતા જેની ઠુમ્મર પણ હતા.

તો કોંગ્રેસ નેતા પરેશ ધાનાણીએ ફુલજોશમાં આ મામલામાં આગળ આવ્યા છે. તેમણે અમરેલીમાં ચર્ચાનો ચોરો કાર્યક્રમ પણ કર્યો હતો. પરેશ ધાનાણીએ કહ્યું કે મંચ ઉપરથી ચર્ચા થાય અને લખાયેલો પત્ર અને તેના મુદ્દા ખોટા સાબિત કરે તો મંચ પરથી પરેશ ધાનાણી તેની માફી માંગશે અને જો કૌશિકભાઈ ન આવે તો ભાજપના કાર્યકર્તાનો પત્ર સાચો છે, તેના મુદ્દા સાચા છે. તમારા પર લાગેલા આરોપો પણ સાચા છે. તો પરેશ ધાનાણીએ જ પાયલને ઈન્ચાર્જ મામલતદાર સમક્ષ નિવેદન અપાવ્યું હતું..જેમાં પાયલે દાવો કર્યો કે તેને મહિલા પોલીસ કર્મીએ માર માર્યો હતો.તો જે મામલતદાર સમક્ષ આ નિવેદન આપવામાં આવ્યું તે મીડિયા સમક્ષ આવ્યા. અને તેમણે કહ્યું કે હું જજ નથી. છતાં પણ પરેશ ધાનાણીએ મારી સમક્ષ નિવેદન અપાવ્યું. તો આ સમગ્ર વિવાદને સૌથી પહેલા જેમણે ઉઠાવ્યો હતો તે પ્રતાપ દૂધાતે કહ્યું કે આ મામલે રાજકારણ ન કરવું જોઈએ.